# હળવદમાં દિવ્યાંગ ઉધોગ સાહસિકતા કાર્યક્રમ યોજાયો

(પ્રશાંત જયસ્વાલ/વિશાલ જયસ્વાલ)

હળવદ, તા. ૩૦

સમાજ સુરક્ષા ખાતું વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ભારતીય ઉધમિતા વિકાસ સંસ્થાન ખાતે સ્થાપવામાં આવેલદિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર દ્વારા નવ જીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના સહયોગથી ઉધોગસાહસિકતાના ઉધોગસાહસિકતા જાગૃતતા વિષય પર એક દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૬ દિવ્યાંગજનોએ ભાગ લીધો હતો. દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર અંતગર્ત આ ઉધોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામમાં હળવદ અને આજુબાજુના વિસ્તારના ૪૦ દિવ્યાંગો એ ભાગ લીધો હતો આ તાલીમમાં ખાસ



ઉપસ્થિત રહેનાર ડો.માલમપરા, રોટરી ક્લબ ઓફ હળવદના રાજેન્દ્રસિંહ રાણા, ઉધ્યોગ સાહસિકતાના ક્ષેત્રે ઘણા વર્ષોથી તાલીમ આપતા પ્રફુલભાઈ પટેલ તથા રમેશભાઈ મોરી એ તાલીમાર્થીઓને ઔધોગિક ક્ષેત્રેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તેમજ દિવ્યાગોમાં ઉધ્યોગ સાહસિકતા વિકસાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આગામી સમયમાં કચ્છ અને મોરબી જીલ્લાના વિવિધ તાલુકાઓમાં નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા સાત પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાશે.જેમાં મુખ્ય અતિથિ તરીકિડો.માલમપરા, રોટરી ક્લબ ઓફ હળવદ ના રાજેન્દ્રસિંહ રાણા, ઉધ્યોગ સાહસિકતા ના ક્ષેત્રે ઘણા વર્ષોથી તાલીમ આપતા પ્રફુલભાઈ પટેલ તથા રમેશભાઈ મોરી હાજર રહ્યા હતા.